ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.એસ.સી.ટી./બિરસા મુંડા/64901/2025 તા. 07/11/2025

પ્રતિશ્રી,
૧. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...
૨. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...
૩. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ...
૪. યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ...

વિષય : ભગવાન બિરસા મુંડાજીની 150મી જન્મ જયંતિ નિમિત્તે “જન-જાતીય ગૌરવ વર્ષ” મહોત્સવની ઉજવણી તા. 01/11/2025 થી 15/11/2025 દરમ્યાન કરવા બાબત.
સંદર્ભ : નાયબ નિયામક ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના પત્રક ક્રમાંક: ઉશિક/યુનિ/બિરસામુંડા/2025/૩૮૭૧ તા.29/10/2025.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપના ભવન/વિભાગો/કોલેજોના વિદ્યાર્થીઓ “જન-જાતીય ગૌરવ વર્ષ” નિમિત્તે દરેક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લે એવી ઘટતી કાર્યવાહી કરી ઉક્ત તમામ કરેલ કાર્યવાહીની વિગત અને અહેવાલ તા. 16/11/2025 સુધીમાં https://forms.gle/YQfdmopPXiy8LkVKA લિંકમાં બિનચૂક અપલોડ કરવાની રહેશે.

કુલસચિવ

બિડાણ :- ઉપર મુજબ

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ક્રમાંક: ઉશિક/યુનિ/બિરસામુંડા/૨૦૨૫/૩૮૭૧ તા. ૨૯/૧૦/૨૦૨૫

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટી
આચાર્યશ્રી, તમામ સરકારી કોલેજો
આચાર્યશ્રી, તમામ બિનસરકારી અનુદાનિત કોલેજો

વિષય: ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે "જન-જાતીય ગૌરવ વર્ષ" મહોત્સવની ઉજવણી તા: ૦૧/૧૧/૨૦૨૫ થી ૧૫/૧૧/૨૦૨૫ દરમ્યાન કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે "જન-જાતીય ગૌરવ વર્ષ" મહોત્સવની ઉજવણી તા: ૦૧/૧૧/૨૦૨૫ થી ૧૫/૧૧/૨૦૨૫ દરમ્યાન નીચે દર્શાવ્યા મુજબના કાર્યક્રમોનું આયોજન કરવાનું થાય છે.

- કોલેજ કક્ષાએ ભગવાન બિરસા મુંડાજીના જીવન-કવન આધારીત નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્રકલા સ્પર્ધા, રમત-ગમત સ્પર્ધા વગેરેનુ આયોજન કરવાનું રહેશે. તેમજ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઇનામ અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને યોગ્ય પુરસ્કારથી સન્માનિત કરવાના રહેશે.
- યુનિવર્સીટી ખાતે આવેલ ફાઈન આર્ટસ દ્વારા તૈલી ચિત્ર, ભીંત ચિત્રો વગેરેનું આયોજન કરવાનું રહેશે.
- તા: ૦૧/૧૧/૨૦૨૫ થી ૧૫/૧૧/૨૦૨૫ દરમ્યાન આપની સંસ્થા, જિલ્લામાં આવેલ પ્રતિમાઓની સફાઈ કાર્યક્રમનુ આયોજન કરવાનું રહેશે.
- કોલેજ/યુનિવર્સીટી ખાતે આવેલ લાયબ્રેરીમાં તા: ૦૧/૧૧/૨૦૨૫ થી ૧૫/૧૧/૨૦૨૫ દરમ્યાન ભગવાન બિરસા મુંડાજીના સાહિત્યની ઉપલબ્ધિ કરાવવાની રહેશે.
- ભગવાન બિરસા મુંડાજી ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે "જન-જાતીય ગૌરવ વર્ષ" મહોત્સવના ભાગ રૂપે ભગવાન બિરસા મુંડાજીનો રથ રાજ્યમાં વિવિધ સ્થળો પર જવાનો હોઈ જે-જે જગ્યાએ રથનો રૂટ રહેતો હોય તે ગામોના વિદ્યાર્થીઓ કાર્યક્રમ દરમ્યાન હાજર રહે તે કોલેજ/યુનિવર્સીટીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.
- કોલેજ/યુનિવર્સીટીએ જિલ્લા કક્ષાની/તાલુકા કક્ષાની સંકલન સમિતિના સંપર્કમાં રહી કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

ઉક્ત તમામ કરેલ કાર્યક્રમોની વિગત અને અહેવાલ તા: ૧૬/૧૧/૨૦૨૫ સુધીમાં https://forms.gle/YQfdmopPXiy8LkVKA લિંકમાં બિનચૂક અપલોડ કરવાની રહેશે.

**માન. કમિશનરશ્રીના આદેશાનુસાર.**

(ડી.ડી. આર. દરજી)
નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂં</u>

- માન. અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૮મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન. કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી
- માન. સંયુક્ત નિયામકશ્રી, સદર કચેરી

Scanned with OKEN Scanner